| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૮/૦૬/૨૦૨૦ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૦૪૬/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૦૩૫ | ૧૯ | ૯૦૫૪ | ૧૫૦૯૯ | ૨૪ | ૧૫૧૨૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૫૫ | ૨ | ૪૨૫૭ | ૫૭૭૧ | ૨ | ૫૭૭૩ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૩૯ | ૧ | ૪૦ | ૨૦૦ | ૧ | ૨૦૧ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૯૮૦૫ | ૧૮૫ | ૯૯૯૦ | ૧૦૭૦૭ | ૧૫૩ | ૧૦૮૬૦ |
| કુલ | | ૨૩૧૩૪ | ૨૦૭ | ૨૩૩૪૧ | ૩૧૭૭૭ | ૧૮૦ | ૩૧૯૫૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૨૨ | ૮૬,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૧૧૯ | ૪,૨૩,૮૦૦/- |

# <u>મિલ્કત સંબંધી ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>દાણીલીમડા પોલીસ સ્ટેશન :-</u>

### <u>મિલ્કત સંબંધી ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝનનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.વસાવા સા.શ્રીની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા સાથેના એ.એસ.આઇ. વિજયકુમાર રણછોડભાઇ બ.નં.૮૨૦૮ તથા અ.હેડ.કોન્સ.કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા હેડ.કોન્સ. વિજયસિહ રજુજી બ.નં.૯૦૩૬ તથા હેડ.કોન્સ.ભરતભાઇ ધુળાભાઇ બ.નં.૩૩૧૮ તથા હેડ.કોન્સ.મોહસીન યાસીનભાઇ બ.નં.૯૧૨૫ તથા પો.કો.ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ તથા પો.કો. ગજેન્દ્રસિહ મખુભા બ.નં.૭૯૨૨ તથા પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં.૧૩૯૪ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો.ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ તથા પો.કો.ગજેન્દ્રસિહ મખુભા બ.નં.૭૯૨૨ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી મોઇનુદીન ઇસામુદીન શેખ ઉ.વ.૨૦ રહે : મુન્ડા દરવાજા ચંપા મિલની ચાલીની સામે કાચા છાપરામાં જમાલપુર અમદાવાદ શહેર નાને ચોરી કરી મેળવેલ <u>ટીવીએસ જ્યુપીટર નંબર જીજે.૨૭.બી.બી.૦૫૩૨ કિ,રૂ,૨૦,૦૦૦/</u> ના મુદામાલ સાથે પકડી લઇ દાણીલીમડા પોલીસ સ્ટેશન A પાર્ટ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૨૨૦૦૭૧૨/૨૦૨૦ ધી ઈ.પી.કો.કલમ-૩૭૯ મુજબના ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.

# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :-

## પ્રોહી/જુગાર/NDPS ની ડ્રાઇવ દરમ્યાન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન પ્રોહીબીશન નો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે પ્રોહીબીશન/જુગારની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ડ્રાઇવનું આયોજન કરેલ હોય જેથી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પો.કમિશ્નર શ્રી "જી" ડિવીઝન અમદાવાદ શહેર તથા પો.ઇન્સ શ્રી જે.કે.રાઠોડ સાહેબ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તી ની શોધ-ખોળ સારૂ તેમજ કોરાના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ આજરોજ સવારના કલાક,૦૮/૩૦ થી પો.સ્ટે વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ ફરી કૃષ્ણનગર ચાર રસ્તા પંહોચતા અ.લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ તથા અ.લોકરક્ષક વિજયસિંહ અનોપસિંહ નાઓની સંયુકત ખાનગી બાતમી હકિકત આધારે " એક સફેદ કલરની આઇ/૨૦ ફોર વ્હીલર ગાડી જેની આગળ-પાછળ નંબર પ્લેટ લગાવેલ નથી તેમાં કેટલોક મોટા પ્રમાણમાં ગેરકાયદેસર ઇગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખી લઇ બે ઇસમો નરોડા પાટીયાથી આવી કૃષ્ણનગર ચાર રસ્તા થઇ જી.ડી રોડ થઇ મેમ્કો ફુટ માર્કેટ તરફ જનાર છે જે બાતમી હકિકત આધારે સદરી ઇસમોની વોચમાં રહી રોકવાની કહેતા નહી રોકી ગાડી લઇને ભાગવા જતા સ્ટાફના માણસો મારફતે અલગ-અલગ વાહનોમાં પીછો કરી હિરાવાડી ચાર રસ્તા કેવડાજીની ચાલીથી થોડે દૂર એક ડિવાન્ડર પાસે જાહેર રોડ ઉપર ગાડી અથડાતા તેમાથી એક ઇસમને દારૂના જથ્થા સાથે પકડી આપી અન્ય આરોપીઓને વોન્ટેડ જાહેર કરી પકડાયેલ આરોપીની અટક સારૂ કોરોના વાયરસના ટેસ્ટની કાર્યવાહી કરી તપાસ ચાલુ રાખી આરોપીઓ વિરૂધ્ધ ધી.પ્રોહી કલમ-૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબની કાયદેસરની કાર્યવાહી કરી ગણનાપાત્ર કોલીટી કેશ સોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે તા.૨૭/૦૬/૨૦૨૦

**આરોપીઓના નામ સરનામા :-** મુકેશ ઉર્ફે કલ્લો સ/ઓ કુવરસિંહ નારાયણસિંહ જાતે ધોરે(ભૈયાજી) ઉ.વ.૨૦ ધંધો-મજુરી રહે,મંગલ ગિરધરની ચાલી રબારીવાસ વિજય પેટ્રોલ પંપની બાજુમાં વિજ્યા બેન્ક ફુટ માર્કેટની સામે નરોડા રોડ શહેર કોટડા અમદવાદ શહેર મૂળ વતન ગામ-ઇંટાવા તા.જી.મેનપુરી ઉત્તર પ્રદેશ (વોન્ટેડ) આઇ-૨૦ નો ડ્રાઇવર ચાલક તથા મનોહર ઉર્ફે વિરેન્દ્ર ઉર્ફે વિરૂ ઓમપ્રકાશ રાજપૂત તથા અલ્પેશ ઉર્ફે પકીયો યશવંત ગોલે તથા દેવેન્દ્ર ઉર્ફે બંસી રામકુલહારસિંહ પરિહાર

**મુદ્દામાલ-** ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો જથ્થો EPISODE GOLD WHISKY ૭૫૦ એમ.એલ.ભરેલ કાચની ઇંગ્લીસ દારૂની પેટીઓ બોક્ષ નંગ-૧૧ કુલ્લે કિ.રૂ.૬૬,૦૦૦/-તથા વીવો કંપનીનો ૧૯૧૫ મોડલનો મો.ફોન કિ.રૂ.૫,૦૦૦/-તથા આઇ-૨૦ ગાડી કિ.રૂ.૬,૦૦,૦૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૬,૭૧,૦૦૦/-નો મુદ્દામાલ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો અ.હેડ.કોન્સ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.ન.૬૮૧૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.ન.૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ યોગેશકુમાર નરસિંહભાઇ બ.નં.૧૦૦૧૨ તથા અ.લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં.૫૦૯ તથા અ.લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.ન.૪૮૩ તથા અ.લોકરક્ષક વિજયસિંહ અનોપસિંહ બ.ન.૧૮૨ તથા બીજા સ્ટાફના માણસો



## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :-

## દેશી દારૂના ગણનાપાત્ર જથ્થા તથા વાહનો સાથે બે ઇસમોને ઝડપી લેતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

મે.અમદાવાદ પોલીસ કમિશ્નર શ્રી તથા સંયુક્ત પોલીસ કમિ.શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-3 સા.શ્રી તથા મદદનીશ પો.કમિશ્રી "ઇ" ડીવીજન સા.શ્રી નાઓ તરફથી પ્રોહીની પ્રવુતી નેસ્તો નાબુદ કરવા સુચના કરેલ હોય જે બાબતે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના સેકન્ડ પોલીસ ઇન્સ્પેકટર આર.આર.બસંલ સા.શ્રી તથા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ આર.એલ.પટેલ સા.શ્રી તથા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સ્ટાફના અ.લો.ર. અનિરૂધ્ધસિંહ પ્રતાપસિંહ બ.નં.૬૦૭ તથા અ.લો.ર. સુરેન્દ્રસિંહ અમૃતસિંહ બ.નં.૧૧૯૦ મળેલ બાતમી હકિકત આધારે જમાલપુર ગીતા મંદિર રોડ પર સ્લેટર હાઉસની બહારના ભાગે અદાણી સી.એન.જી પંપની સામે જાહેર રોડ ઉપર નં-(૧) પવનભાઇ નંદલાલ સેજવાણી ( સીંધી ) ઉ.વ.૫૬ ધંધો.વેપાર રહે. મ.નં.૧૫૬/એ ઉધ્ધવનગર સોરાબજી કંપાઉન્ડ જુના વાડજ અમદાવાદ શહેર તથા નં-(૨) મનોજભાઇ દયાલદાસ આડતવાણી ( સીંધી ) ઉ.વ.૩૭ ધંધો.રી.ડ્રા રહે. મ.નં.૩૭/બી ઉધ્ધવનગર સોરાબજી કંપાઉન્ડ જુના વાડજ અમદાવાદ શહેર નાઓને દેશીદારૂ લીટર આશરે ૫૦૦ કિ.રૂ.૧૦,૦૦૦/- તથા કોલીસ ગાડી નં- નં-GJ-18-AA-2359 ની જેની આશરે કિ.રૂ.૨,૫૦,૦૦૦/- ની મતાની ગણી તથા ઓટોરીક્ષા નં- GJ-01-CV-8270 ની જેની આશરે કિ.રૂ.૧,૦૦,૦૦૦/- ની મતાની ગણી તથા મોબાઇલ નંગ-૦૨ જેની કિ.રૂ.૧૦૦૦/- ની મતાની ગણી કુલ્લે મુદામાલ કિ.રૂ.૩,૬૧,૦૦૦/- ની મતા સાથે ઝડપી લઇ આરોપીઓ વિરૂધ્ધ અત્રેના પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.C-૧૧૧૯૧૦૨૧૨૦૦૪૩૩/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ-૬૫(ઇ), ૮૧, ૯૮(૨) મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



# જુગારના કેસના આરોપીની અટકાયતની વિગત

## ગુના નિવારણ શાખા :-

## "પૈસા પાનાથી તીન પત્તીનો જુગાર રમતા ૯ ઈસમોને  કુલ્લે ૧,૩૨,૧૬૦/ રુપિયાના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ  કાર્યવાહી કરવા સુચના કરતા જે સુચના આધારે તા.૨૭.૦૬.૨૦૨૦ ના રોજ પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડા તથા સ્ટાફના એએસઆઈ ધનરાજસિંહ માનસિંહ, અહેકો મહેન્દ્ર વાસુદેવ, અહેકો ભાવેશકુમાર દશરથલાલ, અહેકો મુકેશભાઈ રામાભાઈ, અપોકો કેયુરભાઈ ધીરુભાઈ, અપોકો દશરથસિંહ રણુભા વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અપોકો કેયુરભાઈ ધીરુભાઈ તથા અહેકો ભાવેશકુમાર દશરથલાલ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે આરોપી યુસુફખાન ઉર્ફે લપલપ ખુદાદાતખાન પઠાણ ના કબ્જા ભોગવટાવાળા મકાન કારંજ મચ્છી બજાર ચુડીઓળ હીબા રેસીડેન્સીના છઠા માળે બનાવેલ એક રુમમા પંચો સાથે જુગાર અંગેની રેઈડ કરી કુલ્લે ૯ ઈસમોને પૈસા પાનાથી તીન પત્તીનો જુગાર રમતા કુલ્લે રોકડા નાણા ૧૨૪૧૬૦/-રુપિયા તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૧,૩૨,૧૬૦/-સાથે પકડી પાડી તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી કારંજ પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૨૭૨૦૦૬૮૦/૨૦૨૦ જુગાર ધારા કલમ ૪,૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

## પકડાયેલ આરોપીઓ :

(૧) યુસુફખાન ઉર્ફે લપલપ ખુદાદાતખાન પઠાણ રહેવાસી- ચુડીઓળ પીળી હવેલી પાસે, ત્રણ દરવાજા કારંજ અમદાવાદ

(૨) અબ્દુલરરહેમાન ઈદુભાઈ શેખ રહે.રામલાલની ચાલી કાલુપુર પુલનીચે સરસપુર અમદાવાદ

(૩) શકીલ અહેમદ ગુલામ મયુદીન શેખ રહેવાસી- નવોવાસ કુરેશ મેડીકલ પાસે મીરઝાપુર અમદાવાદ

(૪) દશરથભાઈ નરસિહભાઈ પરમાર રહેવાસી- મનસુરી ખાડાવાળી ચાલી રાજપુર ગોમતીપુર અમદાવાદ

(૫) શેબરઆલમ જલીશ અહેમદ રાજપુત રહેવાસી-૧૧૫/૬૦૭ ગુજરાત હાઉસિંગ બોર્ડ મોરારજી ચોક બાપુનગર અમદાવાદ

(૬) સૈયદઅલી રસુલમીયા સૈયદ રહેવાસી- ઘ.ન.૯૩૮ સાચી ફળી ડેલામા રામોલગામ અમદાવાદ

(૭) મહંમદહુસેન અહેમદહુસેન શેખ રહેવાસી- બિસ્કીટ ગલી પાનકોરનાકા અમદાવાદ શહેર

(૮) મહેબુબ મહમદશરફી બરીવાલા રહે.બડાબંબા પાડાપાડીની ગલી ગોલલીમડા અમદાવાદ શહેર

(૯) રફીક ઈકબાલભાઈ રંગરેઝ રહેવાસી- આસ્ટોડીયા દરવાજા કોટની રાંગની સામે છાપરામા આસ્ટોડીયા અમદાવાદ

## ગુનાની જગ્યા :

આરોપી નં.૧ની કબ્જા ભોગવટાવાળા મકાન કારંજ મચ્છી બજાર ચુડીઓળ હીબા રેસીડેન્સીના છઠા માળે બનાવેલ એક રુમમા

## પકડાયેલ મુદામાલ :

(૧) અંગજડતી તથા દાવનાતથા નાળના નાણા રુપિયા ૧, ૨૪,૧૬૦/-

(૨) મોબાઇલ ફોન નંગ ૭ કિ. રુપિયા ૮,૦૦૦/-

(૩) ગંજીફાના પાના નંગ ૫૨ કિ.૦૦.૦૦/

(૪) પ્લાસ્ટીક ની ટોપલી નંગ- ૧ કિ. ૦૦.૦૦/



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૪૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૫ કેસ કરી, ૬૮ વ્યક્તિઓને ઝડપી, ૯૭૨ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩ બિયર ટીન, ૧ સ્કુટર, ૧ રીક્ષા, ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૪૯,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૪૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૦૪૯/૨૦૨૦**

**શાહીબાગઃ** અક્ષય ધનશ્યામભાઇ પટેલ (ઉ.વ.૨૧) (રહે. પુનીતપાર્ક આનંદ મીલાન ટાવરની બાજુમાં શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૬/૨૦૨૦ રાતના ૯/૦૦ થી તા.૨૭/૦૬/૨૦૨૦ બપોરના ૧/૧૫ વાગ્યા દરમ્યાન આરોપી મોબાઈલ નંબર ૭૦૮૨૯૬૬૮૨૧ તથા ૯૭૮૫૩૧૭૬૧૨ ના ધારકે પોતાનુ નામ રાજકુમાર જણાવી અક્ષય પટેલને વિશ્વાસમાં લઇ મોબાઇલ વેચવાના બહાને બેન્કના ખાતાની માહીતી મેળવી લઈ અલગ-અલગ સમયે અક્ષય પટેલના બેન્કના ખાતામાંથી કુલ રૂપિયા ૯૦૯૮/- ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી.એસ.એ.દેસાઇ ચલાવે છે.

**મણીનગરઃ** પ્રવીણભાઇ સોમાભાઇ પટેલ (ઉ.વ.૬૬) (રહે. મુક્તજીવન જવાહર ચોક મણીનગર) એ તા.૨૭/૦૬/૨૦૨૦ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૬/૨૦૨૦ બપોરના ૧/૧૫ થી ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મણીનગર ખાતે આવેલ પ્રવિણભાઈની દુકાને અજાણ્યો પુરૂષ આવ્યો હતો અને પ્રવિણભાઈને ૧૦,૨૦,૫૦ ના દરની નવી નોટોના બંડલ જોઈતા હોય તો યશ બેંકમાં આવી જાવ તેમ કહેતા પ્રવિણભાઈ આ પુરૂષના સ્કૂટર પાછળ યુનિયન બેંક ખાતે ગયેલ અને બંડલ માટે પ્રવિણભાઈએ તેને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- આપેલ. ત્યારબાદ આ પુરૂષ યુનીયન બેંક બેન્કમાં પ્રવિણભાઈને થોડીવાર સાઈડમાં બેસવા જણાવેલ ત્યારબાદ થેલી લઈ આવો તેમ કહેતા પ્રવિણભાઈ બેંક આગળ પાર્ક કરેલ એક્ટિવામાંથી થેલી લેવા ગયા ત્યારે આ પુરૂષ પૈસા લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.આઇ.રબારી ચલાવે છે.

**ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૦૫૦/૨૦૨૦**

**ગાયકવાડ હવેલીઃ** શકીલા વા/ઓ મોહમંદફારુક આમેદમીયાં ફારૂકી ઉ.વ-૬૭ રહે- સૌયદવાડા એન.સી કાદરી રોડ રાયખડ તા.૨૭/૦૬/૨૦૨૦ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૨/૨૦૨૦ થી તા.૨૫/૦૫/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના- ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.આર.બંસલ ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ઝુટવી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૫૧/૨૦૨૦</u>**

**ખોખરાઃ** જશ્મિકાબહેન ડો/ઓ મોહીતભાઇ સોની (ઉ.વ.૨૮) (રહે. લલીત ચોક સ્વામિનારાયણ મંદિર સામે ખારીકુઇ ખોખરા ગામ ખોખરા) તા.૨૭/૦૬/૨૦૨૦ સવારના ૭/૪૫ વાગ્યાના સુમારે ખોખરા ઝગડીયાબ્રીજ ઉપર મ્યુનિ.સ્ટાફ કવાટર્સ સામેથી સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષ જશ્મિકાબહેનના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૩૨,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જશ્મિકાબહેન સોનીએ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**<u>વિજ કરંટ લાગતા મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૫૨/૨૦૨૦</u>**

**નારોલઃ** રાકેશ મંગુભાઇ લાસોલ (ઉ.વ.૩૨) (રહે. મોતીપુરા ચાર રસ્તા પાસે શાહવાડી નારોલ) તા.૨૭/૦૬/૨૦૨૦ કલાક ૧૦/૩૦ વાગ્યા પહેલા નારોલ સરખેજ હાઈવે વિલ્સમ હોટલના ખાંચામા મણીયાર ઇન્ડ્રસ્ટ્રીઝમાં પાવડર ગ્રાઇન્ડર મશીન પર કામ કરતા હતા ત્યારે ટેબલ પંખાને અડતા વિજ કરંટ લાગતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિહ ભગવતસિહ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૫૩/૨૦૨૦</u>**

**રખિયાલઃ** સરફરાજખાન સલીમખાન પઠાણ (ઉ.વ.૨૯) (રહે.વોરાની ચાલી નુતનભારતી સ્કુલની બાજુમા બાપુનગર રખિયાલ) એ આર્થિક સંકડામણને કારણે તા.૨૭/૦૬/૨૦૨૦ સાજના ૫/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે છતના ભાગે લોખડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુનીલકુમાર રૂપાજી ચલાવે છે.

**અમરાઈવાડીઃ** મહેશકુમાર ભોગીલાલ પંચાલ (ઉ.વ.૩૪) (રહે. એક્તા એપાર્ટમેન્ટ લાલ બંગલા પાસે હાટકેશ્વર અમરાઇવાડી) ને છેલ્લા દસેક દિવસથી તાવ આવતો હોય સારવાર કરવવા છતા સ્વાસ્થયમાં સુધારો ન થતા મનમાં કોરોના વાયરસના ભયથી તા.૨૬/૦૬/૨૦૨૦ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી